# શહેરમાં ટ્રાફીક જામના દશ્યો

**શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક જામ વાહનોની લાંબી કતારથી કારચાલકો પરેશાન : એન્જિમેકના આયોજનને અનુલક્ષી એકઝિબ્યુશન સેન્ટર પર આવતા મુલાકાતીઓને પાર્કીંગ પણ ન મળ્યુ : મુખ્ય ચ માર્ગ પર સતત ટ્રાફિક જામના લીધે નગરજનોએ હાલાકી વેઠી : ટ્રાફિકના યોગ્ય સંચાલનનો અભાવ**





ગાંધીનગર તા ૩

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર આજે સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળ્યો હતો. કોરોના કાળમાં લાંબા સમય બાદ આડા દિવસોમાં શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક વધી જતા ઠેર ઠેર વાહનોની મોટી કતાર જોવા મળી હતી. નગરના ચ માર્ગ પર ટ્રાફિક જામમાં અટવાયેલા મુલાકાતીઓ પણ તોબા પોકારી ગયા હતા. જયારે એકઝિબ્યુશન સેન્ટર પર આવતા મુલાકાતીઓને યોગ્ય પાર્કીંગ પણ મળ્યુ ન હતુ મુખ્યમાર્ગો પર જાણે ટ્રાફિકનુ સંચાલન ખોરવાયુ હોવાના દ્રશ્યો સર્જાયા હતા. બહારગામથી આવતા મુલાકાતીઓ પણ તોબા પોકારી ગયા હતા.

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર છેલ્લા કેટલાક દિવસોથી ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. જેના લીધે દિવસ દરમિયાન શહેરમાં સતત ટ્રાફિકની અવરજવરનુ પ્રમાણ ખુબ જ વધી ગયુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના જનજીવન દરમિયાન વિશેષ રોનક જોવા મળે છે. ત્યારે વાઈબ્રન્ટ પુર્વે નગરના સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટરમાં પણ અવનવા પ્રદર્શન સંદર્ભે તબક્કાવાર આયોજન કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## દુબઈથી પરત ફરેલા ૨૬ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં સતત બીજા દિવસે પણ કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૭ થઈ છે.

**શહેરમાં કોરોનાનો આંક ૧૭ પર પહોંચ્યો : હાલ ૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી દીધી છે. શહેરમાં નવા સમાવાયેલા કોબામાંથી આજે આ કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દી ત્રણ દિવસ પહેલા જ દુબઈથી પરત ફરેલ છે. આ દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે.

આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દર્દીએ ઠંડી લાગવાની કફ અને તાવની ફરિયાદ કરતાં તેને ટેસ્ટ કરાવવાની કરાયેલી ભલામણમાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા આ કેસ સાથે ૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે પણ તાકીદ કરી છે.

શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. તંત્રએ સમગ્ર શહેરમાં સર્વેલન્સને વધુ સઘન બનાવવા ઉપર ભાર મુક્યો છે. શહેરમાં એક તરફ વાહકજન્ય રોગના કેસો અને કોરોનાના કેસો વધી રહ્યા હોવાથી ફરજીયાત માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા જણાવ્યુ છે.

## શહેરમાં સોલિડ વેસ્ટના નિકાલની કામગીરી મનપાએ વેગીલી બનાવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સોલિડ વેસ્ટ નિકાલની કામગીરીને વેગીલી બનાવવામાં આવી છે. સાબરમતી નદીને કિનારે સ્મશાનગૃહ નજીક બનાવાયેલી ડમ્પીંગ સાઈડ પર નિકાલની કામગીરી હાલ ચાલી રહી છે તેમાંથી ૮૫ હજાર ટન જેટલા કચરાનો નિકાલ થઈ ગયો છે.

વેગીલી કામગીરી અંગે દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ રોજેરોજનો કચરો નિકાલ કરવામાં આવી રહ્યો છે. કચરાના ડુંગરો હવે આ ડમ્પીંગ સાઈટ પર નથી.

કચરાના નિકાલ માટે ૨૦૧૯થી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અહિ બે ટ્રો મીલ કાર્યરત કરાઈ હતી. જે ટ્રો મીલની મદદથી ભીના અને સૂકા કચરાને પ્રોસેસ કરવામાં આવતો હતો. આ કામગીરીને વેગીલી બનાવવા માટે આ વર્ષના આરંભે ત્રીજી ટ્રો મીલ મુકવામાં આવી હતી. એક ટ્રો મીલના મેન્ટેનન્સ અને ભાડા પેટે રૂ. ૩.૧૧ લાખનો કર્ચ કરવામાં આવ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી મળેલી વિગતો પ્રમાણે ટ્રો મીલની મદદથી

**શહેરમાંથી કચરાના ડુંગરો દૂર કર્યા**

કચરાને પ્રોસેસ કર્યા બાદ બે પ્રકારના ઘટકો મળે છે. જેમાંથી રિડ્યુસ્ડ ડીરાઈવ્ડ ફ્યુઅલનો ઉપયોગ સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં થાય છે. ડમ્પીંગ સાઈટ એકત્ર થયેલા કચરામાંથી મળેલ આર.ડી.એફ.ને સિમેન્ટ ઉત્પાદકો સુધી પહોંચાડવાની કામગીરી બે એજન્સીઓને આપવામાં આવી છે.

એક ટ્રકમાં ૧૯ ટન આર.ડી.એફ.નો જથ્થો આવે છે. રોજની પાંચ ટ્રકો આ આર.ડી.એફ.નું વહન કરી લઈ જાય છે.

આ ઉપરાંત બાયો વેસ્ટમાંથી ૨૦ હજાર ટન જેટલુ ખાતર તૈયાર કરવામાં આવ્યુ છે. જે શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને નિઃશુલ્ક વિતરણ કરાયુ છે. કેટલુક ખાતર બીજ સંશોધન કેન્દ્રને આપવામાં આવ્યુ હોવાનું પણ જાણવા મળેલ છે.

લેગલી વેસ્ટ માટે ખાસ ખાડાઓ તૈયાર કરવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ કહ્યુ હતુ અને તેમાંથી સમયાંતરે તે ખાલી કરવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યુ હતુ.

શહેરમાં હાલ સેગ્રીગ્રેટેડ કચરો જ ડોર ટુ ડોર કલેક્શનમાં લેવામાં આવી રહ્યો હોવાથી આ કામગીરીમાં વધુ ગતિ આવી છે અને પ્રોસેસીંગ પણ ઝડપથી થઈ રહ્યાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## જિલ્લામાં પંચાયતોના જંગમાં વધુ ૧૧૦૬ ઉમેદવારોએ ઝુકાવ્યુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરવાના કામમાં ગતિ આવી છે. આજે વધુ ૧૧૦૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લામાં ૧૭૯ પંચાયતોની યોજાનારી સામાન્ય ચૂંટણીમાં આજે સરપંચપદ માટે ૨૨૪ ઉમેદવારોએ અને સભ્યપદ માટે ૮૮૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. શનિવાર એ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે.

જિલ્લામાં આજ સુધીમાં સરપંચ પદ માટે ૬૪૪ ઉમેદવારોએ અને સભ્યપદ માટે ૧૭૭૯ ઉમેદવારોએ ઉમેદવારી

**આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ : અત્યાર સુધી સરપંચ પદ માટે ૬૪૪ ઉમેદવારો અને સભ્યપદ માટે ૧૭૭૯ ઉમેદવારો મેદાનમાં**

નોંધાવી છે. આજે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી ઉમેદવારોના ધસારાને પહોંચી વળવા માટે તંત્રએ તેની તૈયારીઓ કરી લીધી છે.

ગાંધીનગર તાલુકામાં આજે સરપંચ પદ માટે ૯૨, દહેગામ તાલુકામાં ૮૬, માણસા તાલુકામાં ૩૫ તથા કલોલમાં ૧૧ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે.

પંચાયતના સભ્યપદ માટે ગાંધીનગર તાલુકામાં ૨૯૭, દહેગામમાં ૩૯૫, માણસામાં ૧૧૫ અને કલોલમાં ૭૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારી પત્રો જે રીતે ભરાઈ રહ્યા છે તે જોતાં આ વખતે બહુકોણીય અથવા ત્રિકોણીયો જંગ જામતો જોવા મળશે.

૭મીએ ઉમેદવારી પત્ર પાછો ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી આ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. જો કે જિલ્લામાં આ વખતે સમરસ ગ્રામ પંચાયતોની રચના કેટલી થશે તેને લઈ ચર્ચાઓ

● અનુસંધાન પાન-૭ પર

## તોલમાપ ખાતાએ ડીમાર્ટને ૯૦ હજારનો દંડ ફટકાર્યો

અમદાવાદ, તા.૩

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા ડીમાર્ટમાં તોલમાપ વિભાગ દ્વારા ૯૦ હજાર રૂપિયાનો દંડ ફંટકારવામાં આવ્યો છે. ડી-માર્ટના સેટેલાઈટ સ્ટોરમાં વેચાણમાં મૂકવામાં આવેલા પેકેટ પર નિયમ અનુસાર વિગતો ન હોવાથી ગ્રાહકો સાથે છેતરપિંડી થતી હોવાની અનેક ફરિયાદ મળી હતી. જે બાદ અધિકારીઓએ તપાસ કરતાં ફરિયાદમાં તથ્ય હોવાનું સામે આવ્યું હતું. જેના ડી-માર્ટ પાસેથી ૯૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે.

## મનપા કમિશનર ડૉ. ધવલ પટેલે રાંધેજા ટી.પી. વિસ્તારની મુલાકાત ચાલીને લીધી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ આજે રાંધેજા ટી.પી. વિસ્તારની સ્થળ મુલાકાત દરમ્યાન ૧૦ થી ૧૨ કિ.મી. જેટલુ અંતર પગે ચાલી અને ચકાસણી કરી હતી.

મ્યુનિ. કમિશનરને ચાલવાનો અલાયદો શોખ જરૂર છે પણ ફરજ નિભાવવામાં તે ચાલવાનું ચૂકતા નથી.

પેથાપુર ખાતેના સેવાસેતુમાં હાજરી આપ્યા બાદ તે રાંધેજા ટી.પી. વિસ્તારની મુલાકાતે ગયા હતા અને તેમણે ચાલીને જ આખા ટી.પી. વિસ્તારની મુલાકાત સંપન્ન કરી હતી.

અગાઉ ગુડા દ્વારા રાંધેજા માટે ટી.પી. બનાવીને સરકારમાં રજુ કરાઈ હતી પરંતુ સરકારમાં ચકાસણી દરમ્યાન આ ટી.પી. નામંજૂર થઈ હતી. હવે નવેસરથી ટી.પી. સરકારમાં રજુ કરવામાં આવશે. આથી કમિશનર આ સૂચિત વિસ્તારમાં ચાલી અને બધા જ પાસાઓની ચકાસણી કરી હતી. ખેતરો પણ તેમણે આજે ખુંદ્યા હતા.

## પાટીદારોને ફરી મનાવવા ખોડલધામના મહાકુંભ પર ભાજપની ચાતક નજર

**વિધાનસભાની ચૂંટણીના વર્ષમાં પાટીદારોના આ સંમેલનને અંકે કરવા રાજકીય પાર્ટીઓના પ્રયાસો, ૨૧મી જાન્યુઆરીએ પાટોત્સવમાં મોદીને બોલાવાશે**

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં પાટીદારોના મતો અંકે કરવા તેમજ ચૂંટણી સમયે પાટીદારોને રિઝવવા માટે કાગવડના પાટીદાર સંમેલન પર ભાજપની બાજ નજર છે. કોંગ્રેસના નેતાઓ પણ આ સંમેલનમાં જોડાવાના પ્રયાસ કરી રહ્યાં છે. ખોડલધામના પ્રાણ પ્રતિષ્ઠાને પાંચ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે ત્યારે ૨૧મી જાન્યુઆરી ૨૦૨૨માં મહાકુંભનું આયોજન ચાલી રહ્યું છે અને આ જ વર્ષમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે.

કાગવડ ખોડલધામ લેઉઆ પાટીદારો માટે આસ્થાનું કેન્દ્ર છે. પાટીદારોને એકમંચ પર લાવવાની ભવ્ય તૈયારી શરૂ કરવામાં આવી છે. પાટીદાર એકતા માટે ખોડલધામના અગ્રણીઓ અને હોદ્દેદારોએ રાજયભરના જિલ્લાઓમાં પ્રવાસ પણ કર્યા છે. ૨૧મી જાન્યુઆરીએ માતાજીના પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે ત્યારે સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાટીદાર નેતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ મહાકુંભમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપે તેવી સંભાવના છે.

ખોડલધામના પ્રણેતા નરેશ પટેલે આ મહાકુંભ માટે તાજેતરમાં સૌરાષ્ટ્રના જિલ્લાઓનો પ્રવાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રીઓ, ગુજરાતના મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો તેમજ પાટીદાર રાજકીય આગેવાનોને પણ આમંત્રણ અપાય તેવી સંભાવના છે. થોડાં સમય પહેલાં ભાજપના પ્રદેશ પ્રમુખ રાજકોટની મુલાકાતે હતા ત્યારે તેઓ નરેશ પટેલને પણ મળ્યા હતા. આ બેઠકને સૂચક માનવામાં આવી રહી છે.

ગુજરાતમાં લોકસભા કે વિધાનસભાની ચૂંટણી હોય ત્યારે ખોડલધામ ચર્ચાનું કેન્દ્ર બને છે. ગુજરાતમાં વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં પણ ખોડલધામ કેન્દ્રસ્થાને હતું. અત્યારે ખોડલધામના ટ્રસ્ટી નરેશ પટેલ પાટીદાર આગેવાનોમાં ચર્ચાઈ રહેલું સૌથી મોટું નામ છે.

ઉલ્લેખનીય છે કે ૧૭મી જાન્યુઆરી થી ૨૧મી જાન્યુઆરી ૨૦૧૭માં ખોડલધામ મંદિરમાં પાંચ દિવસનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા

● અનુસંધાન પાન-૭ પર


**પરંપરા ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ**

ક-૭ સર્કલથી રાંધેજા ચોકડી પહેલા, ટાટા મોટર્સની સામે, ગાંધીનગર

પાર્ટી પ્લોટ, રૂમો, ડેકોરેશન સાથે

૩૦૦૦ વ્યક્તિનાં ફંકશનની ઈવેન્ટ માટે

સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ

Mo. 7359800880, 9824267535, 9427487999


## ગાંધીનગરના વરિષ્ઠ તબીબો કહે છે, ઓમિક્રોન હાલ ઘાતક જણાતો નથી

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં આમ જોવા જઈએ તો ગત મેં મહીનાના અંતે કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા બીજી ઘાતકી લહેરના અંતે જનજીવને હાંશકારો અનુભવ્યો છે. હાલમાં પણ હજુ ક્યારેક ડેલ્ટા વેરિયન્ટના છુટાછવાયા કેસ ક્યારેક નોંધાય છે. ત્યારે ટેસ્ટીંગ પણ ઓછુ થઈ ગયુ છે. સમયાંતરે ડોકીયા કરતા કોરોનાથી બચવા માટે સતત સતર્કતા જરૂરી હોવાનો સુર નગરના તબીબોએ ઉઠાવ્યો છે. જુના ડેલ્ટા વેરિયન્ટની સાથે હાલ દેસના કેટલાક ભાગોમાં નવા ઓમીક્રોન વેરિયન્ટના કેસ પણ નોંધાયા છે. કર્ણાટક ,જયપુર અને જામનગર સહીતના કેટલાક વિસ્તારમાં એકાદ કેસ આવતા નવા વેરિયન્ટની શુ અસર થશે તે વાત સૌ કોઈ માટે ચિંતાનો વિષય છે. ત્યારે ગાંધીનગરના તબીબોએ પણ આ મામલે નવા વેરિયન્ટની અત્યાર સુધી મળતી માહીતી અને અભ્યાસના અંતે તેમનો મત રજુ કર્યો છે. જે મુજબ હાલની સ્થિતિએ ઝડપથી ફેલાય છે પરંતુ આ વેરિયન્ટ ઘાતકી હોવાનુ સ્પષ્ટ થતુ નથી મૃત્ય દર પણ નથી અલબત્ત દક્ષિણ આફ્રીકા સહીતના બહારના દેશમાં મોટાભાગના દર્દીઓ ઘરે જ સાજા થઈ રહ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેમાં હોસ્પિટલમાં દાખલ થવાની કે ઓક્સિજનની જરૂર પડી નથી પરંતુ આગામી દિવસોમાં વધુ ફેલાવો થાય ત્યારે તેની અસર કેવી રહેશે તે પણ એક અભ્યાસનો વિષય છે. જયારે રસીના બન્ને ડોઝ લીધા હોય તેવા વ્યકિતમાં નવા વેરિયન્ટનુ પ્રમાણ ઓછુ હોવાનુ પણ તબીબો માની રહ્યા છે. ત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા પણ આ વેરિયન્ટને અનુલક્ષી અભ્યાસ કરી રહી છે. હાલની સ્થિતિએ નવા વેરિયન્ટની વિશેષ માહીતી નથી પરંતુ પ્રત્યેક નાગરિકે માસ્ક પહેરવા સહીત હાથ સેનેટાઈઝ કરવા અને સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવવાની જુની ચાવીને અનુરૂપ જ કોવિડની ગાઈડલાઈનનુ પાલન કરવુ જનહીતમાં હોવાનો સુર પણ નગરના ડોકટર્સે ઉઠાવ્યો છે.



ગાંધીનગરમાં દિવાળી બાદ કોરોનાનુ સંક્રમણ વધશે તેમ લાગતુ હતુ. અત્યાર સુધી દવાખાનામાં આવતા ઘણાં દર્દીઓના ટેસ્ટ થયા છે. પરંતુ બધા નેગેટીવ આવ્યા છે. અંદાજિત સો દર્દીઓના ટેસ્ટીંગના અંતે ભાગ્યેજ એક દર્દી પોઝીટીવ જોવા મળ્યો છે. પરંતુ ક્યારેક કોઈ પરિવાર ભેગો થાય અને એકાદ સંક્રમિત હોય તો બધાને અસર થાય જેથી તકેદારી રાખવી અનિવાર્ય છે. જો કે હાલ ડેલ્ટા વેરિયન્ટનુ સંક્રમણ કાબુમાં છે. જયારે નવા ઓમીક્રોન વેરિયન્ટ વિશે હાલ વિશેષ માહીતી ઉપલબ્ધ નથી પરંતુ આ વેરિયન્ટ ઝડપથી ફેલાય છે. જો કે ડેલ્ટા વેરિયન્ટની બીજી વેવ જેવુ જોવા મળતુ નથી. હાલ આફ્રિકામાં દર્દી વધુ છે પરંતુ મૃત્યુદર નથી. જયારે મોટાભાગના દર્દીઓ ઘરે જ સાજા થઈ જાય છે. રસી ન લીધી હોય તેને આ વેરિયન્ટ ની અસર વધુ થવાની સંભાવના વર્તાય છે. માટે જ રસીનો બીજો ડોઝ ન લીધો હોય તેમણે હાલના તબક્કે રસી લેવા માટે કાળજી કરવી જોઈએ. નવો વેરિયન્ટ હાલના તબક્કે ઘાતકી જણાંતો નથી જયારે આગામી દિવસોમાં કોરોના ફ્લ્યુમાં કન્વર્ટ થઈ જાય તેમ પણ લાગી રહ્યુ છે.

**ડો દર્શન પંડ્યા**



જુના વેરિયન્ટના છે. નવા ઓમીક્રોન વેરિયન્ટથી જે પણ દર્દી સંક્રમિત થયા છે તેમની હાલત ગંભીર થઈ નથી. ઘણાં બધા દેશોમાં આ વેરિયન્ટના કેસ સામે આવ્યા છે. વેકિસન લીધી ન હોય ત્યાં આનુ પ્રમાણ વધુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. હાલ બહારના દેશોમાં યુવા દર્દીઓ પણ આ વેરિયન્ટથી પ્રભાવિત છે. જો કે ઓમીક્રોન ઘાતકી પુરવાર થયો નથી. ત્યારે કોઈ રોગી કે ઉંમરલાયક વ્યકિતને આ વેરિયન્ટની અસર શુ થાય તે હાલ કહેવુ મુશ્કેલ છે. પરંતુ ઓમીક્રોનના દર્દીઓમાં સ્નાયુઓના દુખાવાની ફરિયાદ પણ એક મુખ્ય લક્ષણ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ઘણાંને તાવ આવતો નથી ત્યારે હાલની સ્થિતિએ બચાવ માટે માસ્ક પહેરવા સાથે હાથ સેનેટાઈઝ કરવા અને દુરી બનાવી રાખવી સહીતના કોવિડના નિયમોનુ પાલન કરવુ હીતાવહ છે.

**ડો બદ્રીશ સંઘવી**



સાચુ કહીએ તો ઓમીક્રોન વેરિયન્ટ વિશે કોઈ માહીતી નથી.આ દક્ષિણ આફ્રિકામાંથી આવેલો વેરિયન્ટ છે. દેશમાં છુટાછવાયા બે ચાર કેસ આવ્યા છે. કર્ણાટક , જામનગર અને જયપુરમાં કેસ જોવામાં આવ્યા છે. પરંતુ આ વેરિયન્ટ હાલની સ્થિતિએ સિવિયર નથી અલબત્ત દર્દીનુ મૃત્યુ થતુ હોવાનુ ધ્યાને આવ્યુ નથી. જયારે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવુ પડે કે ઓક્સિજન લેવલ ઘટી જાય તેવા લક્ષણો પણ હજુ સુધી દેખાયા નથી. જો કે વિશ્વ આરોગ્ય સંસ્થા પણ આ વેરિયન્ટને અનુલક્ષી અભ્યાસ કરી રહી છે. ત્યારે આ વેરિયન્ટથી સંક્રમિત દર્દીનો રીપોર્ટ આર ટી પી સી આર ટેસ્ટના આધારે જાણી શકાય છે તે બાબત પણ સ્પષ્ટ થઈ નથી. પરંતુ આ વેરિયન્ટ ઝડપથી ફેલાય છે તે સ્પષ્ટ છે. ત્યારે કોવિડની ગાઈડલાઈનનુ પુરતુ પાલન કરવુ અત્યંત અનિવાર્ય છે.

**ડો ખિલન મણિયાર**



કર્ણાટકમાં ઓમિક્રોનના બે કેસ નોંધાયા પછી વધુ ચિંતા કરવાની કોઈ જ જરૂરિયાત નથી, પરંતુ શહેરીજનોએ સાવધાની રાખવી જોઈએ. માસ્ક પહેરવુ જોઈએ અને પહેલાની જેમ સોશ્યલ ડિસ્ટન્સિંગ તેમજ અન્ય ઉપાય અપનાવવાનો પ્રારંભ કરી દેવો જોઈએ. તે ઉપરાંત જે નગરજનોએ હજુ સુધી વેક્સિન નથી લીધી તેઓએ તુરંત પહેલા વેક્સિન લેવી જરૂરી છે. હાલ ગભરાવવાની જરૂર નથી પણ સાવધાની એટલી જ જરૂરી છે. સાવધાની અચૂક રાખવી જોઈએ. દિવાળી બાદ માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગનો અમલ ઘટ્યો છે જે ગંભીર છે.

**ડો. ચિરાયુ વૈદ્ય**

ગત એપ્રિલમાં કોરોનાએ કહેર મચાવ્યો હતો. જયારે મેં મહીના બાદ હજુ કેસની સંખ્યા નોંધપાત્ર વધી નથી. જો કે હાલ ટેસ્ટીંગ પણ પુરતા થતા નથી એટલે ડેલ્ટા વેરિયન્ટને અનુલક્ષીને પણ પુરતી સતર્કતા જરૂરી છે. શહેરમાં હાલ જે કેસ જોવા મળી રહ્યા છે તે પણ

### ઝડપથી ફેલાતો ઓમીક્રોન વેરિયન્ટ હાલ ઘાતકી નથી પરંતુ સતર્કતા જરૂરી : ડોકટર્સ

દેશમાં હજુ છુટાછવાયા કેસ નોંધાયા છે દક્ષિણ આફ્રિકા સહીત અન્ય દેશમાં દર્દીઓને હોસ્પિટલ કે ઓક્સિજનની જરૂર પડતી નથી : મૃત્યુદર નથી : પરંતુ સતર્કતા અનિવાર્ય : કોવિડની ગાઈડલાઈનનુ પાલન કરવુ : ઓમીક્રોનમાં સાંધાના દુખાવાનુ લક્ષણ પણ સામે આવ્યુ છે : વિશ્વ આરોગ્ય સંસ્થા હજુ આ મામલે અભ્યાસ કરી રહી છે ત્યારે આગામી દિવસોમાં વધુ માહીતી મળશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com